# હિસાબ નિયામકશ્રીની કચેરી
# આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ

**ચાલું નાણાંકીય વર્ષ ૨૦૧૯-૨૦માં આવક-વેરો(ઈન્કટેક્ષ) કપાત કરવા બાબત.**

**-: પરિપત્ર :-**

તમામ યુનિટ / સબ યુનિટ અધિકારીશ્રીઓ અને ઉપાડ અને ચુકવણા અધિકારીશ્રીઓને જણાવવાનું કે યુનિવર્સિટીના તમામ અધિકારીશ્રી / કર્મચારીઓના પગાર-ભથ્થાની ચુકવણી અત્રેની કચેરીના પે એન્ડ પેન્શન સેલ દ્વારા કરવામાં આવે છે. વર્ષ ૨૦૧૮-૧૯ દરમ્યાન જે-તે અધિકારી / કર્મચારીઓના ગ્રોસ પગારને ધ્યાને લઈને કુલ આવક-વેરો(ઈન્કમટેક્ષ)ગણવામાં આવેલ છે. જેને બાર સરખા ભાગે વર્ષ ૨૦૧૯-૨૦માં પ્રથમ ૬ માસ એટલે કે એપ્રિલ-૨૦૧૯ થી સપ્ટેમ્બર-૨૦૧૯ સુધી આવકવેરો (ઈન્કમટેક્ષ) કપાત કરવામાં આવશે.

ચાલું નાણાંકીય વર્ષ ૨૦૧૯-૨૦માં જે અધિકારી / કર્મચારીઓને સદર આવક-વેરામાં (ઈન્કમટેક્ષ)માં ફેરફાર કરવાનો થતો હોય તો માહે ઓક્ટોબર-૨૦૧૯ના પગારબીલ ચેન્જીસમાં જે-તે અધિકારી / કર્મચારીએ પોતાની કચેરીના ઉપાડ અને ચુકવણા અધિકારીશ્રીને આવક-વેરાની ગણતરી કરી આધાર-પુરાવા રજુ કરી જરૂરી સુધારા-વધારા બાબતે તા.૧૦-૧૦-૨૦૧૯ સુધીમાં જણાવવાનું રહેશે.

વધુમાં આ સમયગાળા પહેલા કોઈ અધિકારી / કર્મચારી નિવૃત્ત થતાં હોય તો તેમના કપાત કરવાના આવકવેરા(ઈન્કમટેક્ષ)ની ગણતરી કરી કચેરીના ઉપાડ અને ચુકવણા અધિકારીશ્રીએ જે-તે માસના પગારબીલના ચેન્જીસમાં પે એન્ડ પેન્શન સેલમાં જાણ કરવાની રહેશે.

**હિસાબ નિયામક**

**જા.નં. આકૃયુ/હિનિ/પે-સેલ/ ૪૪ /૨૦૧૯**
**તારીખ: ૦૨-૦૪-૨૦૧૯**

**નકલ રવાના :-**

(૧) તમામ યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓ, આકૃયુ, આણંદ તરફ જાણ અને અમલ થવા સારૂ.

(૨) તમામ ઉપાડ અને ચુકવણા અધિકારીશ્રીઓ આકૃયુ, આણંદ તરફ જાણ અને અમલ થવા સારૂ.

(૩) હિસાબી અધિકારીશ્રી(પીએફ/પેન્શન), આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ તરફ.

(૪) ઓડિટ ઓફિસર(પે એન્ડ પેન્શન સેલ), આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ તરફ.

(૫) હિસાબી અધિકારી(કેશ), આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ તરફ.